૭. ફરીયાદપક્ષનાં કેસની હકીકતો ધ્યાને લીધી. તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઉપરોક્ત ગુન્હા અંગેનું ચાર્જશીટ કરેલ છે.

૮. ત્યારબાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ તપાસનાં કાગળો વિના મુલ્યે પુરા પાડવામાં આવેલ અને તેઓની પ્લી આંક .... થી નોંધતા, તેઓએ સ્વૈચ્છિક રીતે અને રાજુખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે. આ અંગે આંક ... થી કબુલાત પુરસીસી પણ રજુ કરેલ છે અને તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પુરતાં અને વ્યાજબી કારણો હોવાનું જણાવે છે. આરોપીને જણાવતાં કે તમો ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેમ છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુન્હો કબુલ કરતાં હોય, કબુલાત પુરસીસ પણ રજુ કરે છે.

૯. આરોપી સામે બોમ્બે પ્રોહીબીશન એક્ટ, ૧૯૪૯ ની કલમ ૬૬(૧)(બી) નું તહોમત છે. આરોપીની મૌખિક રજુઆત તેમજ કબુલાત પુરસીસ વંચાણે લેતા, આરોપી નાની ઉંમરનાં ગરીબ અને મધ્યમ વર્ગનાં માણસ જણાય છે તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. બાળ બચ્ચાવાળા માણસ છે તેમજ ગરીબીને લીધે બચાવ કરવા સક્ષમ નથી તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યક્ત કરે છે. તેઓ જણાવે છે કે તેઓ સામે આ પ્રથમ ગુન્હો છે તેમજ ભવિષ્ય બીજો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે. આમ, આરોપીએ તેઓને ઓછી સજા અને દંડ કરવા અરજ કરેલ છે. આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હો તેમજ તેઓની રજુઆત ધ્યાને લેતા, તેઓને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચીત જણાય છે.

૧૦. નામદાર ગુજરાત વડી અદાલતે ગુજરાત સરકાર વિરૂધ્ધ નટવર હીરાચન્દ્રજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ નાં કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે જો પુરતાં અને વ્યાજબી કારણો હોય તો કેસની હકીકતોને ધ્યાને લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા તેમજ દંડ કરવાની સત્તા છે. સદરહું ચુકાદાનાં ફકરા–૨૧ માં જણાવેલ કારણો ધ્યાને લેતાં સંજોગોને ધ્યાને લઈને તેમજ કાયદાની કલમ .. માં જણાવેલ સજાની જોગવાઈઓ ધ્યાને લઈને, અત્રેની અદાલતને આરોપીને ન્યુનત્તમ સજા કરવી યોગ્ય અને ન્યાયોચિત્ત જણાય છે. આથી, આરોપીને તેમજ વિદ્વાન એપીપીશ્રીને સજા અંગે સાંભળ્યા બાદ, ન્યાયનાં હિતમાં, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુકમ

આ કામનાં આરોપી – મીનાબેન વા/ઓ પ્રકાશજી પ્રભાતજી ઠાકોર ને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૨૫૨ અન્વયે બોમ્બે પ્રોહીબીશન એક્ટ, ૧૯૪૯ ની કલમ ૬૬(૧)(બી) મુજબનાં ગુન્હામાં તક્સીરવાન ઠરાવી, કોર્ટ ઉઠતાં સુધીની સજા તેમજ રૂ. ૧૦૦ /– (કુલ રૂપીયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે.

જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો દરેક ગુન્હાના દંડ બદલ દિન–૩ લેખે સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના જાત–મુચરકા અને જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ અનુસાર નિકાલ કરવો.

આજ તા. ૧૦ માહે ફેબ્રુઆરી સને ૨૦૧૮ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૦/૨/૧૮
અમદાવાદ(ગ્રામ્ય)

Sd/–
(અભિષેક સાહુ)
૮માં એડી. જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ
અમદાવાદ(ગ્રામ્ય), મીરઝાપુર.
અમદાવાદ.